# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

****************************************************

1) પહેલગામ આંતકવાદી હુમલામાં 26નાં મોત : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઘટનાસ્થળની મુલાકાત લીધી
2) પહેલગામ આતંકવાદી હુમલાના હુમલાખોરના સ્કેચ જાહેર કરાયાં
3) કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે આતંકવાદ સામે દેશ એક
4) ભારતીય સેનાએ નિયંત્રણ રેખા નજીક ઉરીમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરનારા બે સશસ્ત્ર આતંકવાદીઓને ઠાર કર્યા
5) IPL માં આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો.

..........................................................................

(હવે પછી આપ બે વાગીને ત્રીસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# J&K-HM-UPDATE

જમ્મુ-કાશ્મીરનાં **પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં મૃત્યુઆંક વધીને ૨૬ થયો છે.**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, જમ્મુ-કાશ્મીરનાં **ઉપરાજ્યપાલ મનોજ સિંહા અને મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ શ્રીનગરમાં પોલિસ કન્ટ્રોલ રૂમ ખાતે આવીને મૃતકોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.** મૃતકોનાં પાર્થિવ શરીરને તેમનાં વતન મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

દરમિયાન,ગઈકાલની ઘટનાનાં પગલે પહલગામ તથા દક્ષિણ કાશ્મીરના અનંતનાગ અને  કુલગામ સહિતનાં જિલ્લાઓમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે.

હૂમલાના વિરોધમાં આજે સવારથી જ કાશ્મીર ખીણમાં સંપૂર્ણ બંધ પાળવામાં આવ્યો છે.  મોટાભાગની દુકાનો, બજારો અને સ્થાનિક ઔદ્યોગિક તેમજ ઉત્પાદન એકમો, ખાનગી અને જાહેર પરિવહન બંધ છે જ્યારે ખીણની શેરીઓ વેરાન નજરે પડી રહી છે.

તમામ શૈક્ષણિક સંસ્થાઓએ તેમના વર્ગો સ્થગિત કરી દીધા છે.

# TERORIST SKETCH

પહેલગામ આતંકવાદી હુમલાના ત્રણ હુમલાખોરના સ્કેચ જાહેર કરવામાં આવ્યાં છે. હુમલામાં ઇજાગ્રસ્ત થયેલા લોકો અને નજરે જોનારા લોકો પાસેથી માહિતી મેળવીને આ સ્કેચ જાહેર કરાયાં છે.. આ ઉપરાંત જમ્મુ કાશ્મીરમાં એલર્ટ જાહેર કરાયું છે.

પહેલગામના ઘટના સ્થળની મુલાકાત બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આતંકવાદીઓને બક્ષવામાં નહીં આવે અને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.. તેમણે ઉમેર્યું હતું કે ભારત ક્યારેય આતંકવાદ સામે ઝુકશે નહીં.

# KHARGE RAHUL ON ATTACK

કોંગ્રેસનાં રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પહેલગામ આતંકવાદી હુમલા અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે વાત કરી છે અને આતંકવાદ સામેની લડાઈમાં સરકારને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી ખડગેએ કહ્યું કે, આ જઘન્ય આતંકવાદી હુમલાના ગુનેગારોને સજા કર્યા વિના ન છોડવા જોઈએ. શ્રી ગાંધીએ કહ્યું કે, પીડિતોના પરિવારો ન્યાય મળવો જોઈએ.

શ્રી ગાંધીએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે વિગતો મેળવવા માટે જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે પણ વાત કરી હતી.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ ..

(VOICE CAST : ANAND PATHAK)

# SITHARAMAN-RETURN

જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય નાણાંમંત્રી, નિર્મલા સીતારમણે અમેરિકા અને પેરુની તેમની સત્તાવાર મુલાકાત પૂર્ણ કરી છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, નાણાં મંત્રાલયે કહ્યું કે તેઓ આ મુશ્કેલ અને દુ:ખદ સમયમાં લોકો સાથે રહેવા માટે શક્ય તેટલી વહેલી તકે ઉપલબ્ધ ફ્લાઇટ દ્વારા ભારત પરત ફરી રહ્યા છે. મંત્રી આ મહિનાની 20 થી 30 તારીખ સુધી બંને દેશોની સત્તાવાર મુલાકાતે હતાં.

# KASHMIR AIRLINES

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી હુમલા પછીની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રીનગરથી દિલ્હી અને મુંબઈ માટે ચાર વધારાની ફ્લાઇટ્સ ચલાવવામાં આવશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ જણાવ્યું કે, શ્રીનગરમાં અટવાયેલાં પ્રવાસીઓ માટે **જરૂરિયાત મુજબ વધારાની ફ્લાઇટ્સ પણ તૈયાર રાખવામાં આવી છે**.તેમણે એરલાઈન્સને વિમાન ભાડામાં બિનજરૂરી વધારો ન થાય તે સુનિશ્ચિત કરવા નિર્દેશો જારી કર્યા હતા.

દરમિયાન, એર ઇન્ડિયા અને ઇન્ડિગો સહિતની એરલાઇન્સ આજે શ્રીનગરથી વિશેષ ફ્લાઇટ્સનું સંચાલન કરી રહી છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં એર ઇન્ડિયા અને ઇન્ડિગોએ જણાવ્યું છે કે તેઓ આજે શ્રીનગરથી દિલ્હી અને મુંબઈ માટે બે વધારાની ફ્લાઇટ્સનું સંચાલન કરી રહ્યા છે. એરલાઇન્સ આ ક્ષેત્રોમાં કન્ફર્મ બુકિંગ ધરાવતા મુસાફરોને કોમ્પ્લિમેંટરી રીશીડ્યુલિંગ અને ફ્લાઇટ રદ કરવા પર રિફંડ પણ આપી રહી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

# WORLD LEADERS ON ATTACK

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની વિશ્વભરના નેતાઓએ ટીકા કરી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફોન કરીને નિર્દોષ લોકોના મોત પર ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી અને હુમલાનો ભોગ બનેલાઓને ન્યાય અપાવવા અમેરિકાના સમર્થનની ખાતરી આપી હતી. ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે આતંકવાદ સામેની લડાઈમાં ભારતને ઇઝરાયલનો ટેકો હોવાનું જણાવ્યું હતું. ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ પણ આતંકવાદી હુમલાની ટીકા કરી છે. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે પણ આતંકવાદી હુમલાની કડક ટીકા કરતાં શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી છે.

શ્રીલંકાનાં રાષ્ટ્રપ્રમુખ અનુરાકુમારા દિસાનાયકે અને નેપાળનાં પ્રધાનમંત્રી કે. પી.શર્મા ઓલીએ પણ હુમલાની ટીકા કરી છે.

# UREE TERORIST KILLED

જમ્મુ અને કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના ઉરી નાળા વિસ્તારમાં, સુરક્ષા દળોએ ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો. આ દરમિયાન સુરક્ષા દળોએ એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

સેનાના ચિનાર કોર્પ્સે એક્સ પર પોસ્ટમાં જણાવ્યું હતું કે હતું કે,સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ભારે ગોળીબાર થયો હતો અને બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. આતંકવાદીઓ પાસેથી મોટી માત્રામાં શસ્ત્રો, દારૂગોળો અનેઅન્ય યુદ્ધ સામગ્રી મળી આવી છે. બે એકે 47, એક પિસ્તોલ અને આઈઇડી પણ મળી આવ્યા છે.

# IPL CRICKET

આઇપીએલ ટી-20 ક્રિકેટમાં આજે સનરાઇઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડિયન્સ ટકરાશે. હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાનારી મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

ગઈ કાલે દિલ્હી કેપિટલ્સે યજમાન લખનૌ સુપર જાયન્ટ્સને 8 વિકેટે હરાવ્યું હતું. લખનૌના એકાના સ્ટેડિયમ ખાતે 160 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હીએ 2 વિકેટ ગુમાવીને 161 રન બનાવ્યા હતા. અગાઉ, બેટિંગ કરવા ઉતરેલી લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત 20 ઓવરમાં છ વિકેટ ગુમાવીને 159 રન બનાવ્યા હતા.

દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી હતી. દિલ્હી હાલમાં બીજા સ્થાને છે, જ્યારે લખનૌ પાંચમા સ્થાને છે.

# AEROBICS GYMNASTICS WORLD CUP 2025

સુઝુકી એરોબિક્સ જિમ્નેસ્ટિક્સ વિશ્વ કપ 2025 માં ભાગ લેવા માટે છ સભ્યોની ભારતીય ટીમ ટોક્યો જવા રવાના થઈ ગઈ છે.

25 થી 27 એપ્રિલ દરમિયાન યોજાનારી આ સ્પર્ધામાં 19 દેશોના ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આ સ્પર્ધાનું આયોજન ફેડરેશન ઇન્ટરનેશનલ ડી જિમ્નેસ્ટિક (FIG) અને ઇન્ટરનેશનલ એરોબિક્સ ફેડરેશન, જાપાન દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાતનાં શશાંક બિડીવાલા અને જમ્મુ અને કાશ્મીરના એસપી સિંહ કોચ તરીકે અને ડો. મકરંદ જોશી અને યમનમ રંજન ટીમના વડા તરીકે ટીમની સાથે રહેશે

જિમ્નેસ્ટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ સુધીર મિત્તલ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના અધિકારીઓ સહિત અનેક મહાનુભાવોએ રમતવીરોને શુભકામનાઓ પાઠવી છે

# BIHAR AIRSHOW FINALE

ભારતીય વાયુસેનાની સૂર્ય કિરણ ટીમ આજે બિહારના પટનામાં ગંગા નદીના કિનારે એરોબેટિક એર શોના બીજા અને અંતિમ દિવસે શાનદાર પ્રદર્શન કરશે.

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને કેન્દ્રીય સંરક્ષણ રાજ્યમંત્રી સંજય સેઠ આજે એર શોનું ઔપચારિક ઉદ્ઘાટન કરશે.

અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, એર શો દરમિયાન, નવ ટ્રેનર જેટ વિમાનો તથા પેરાગ્લાઇડિંગ ટીમ અદભૂત હવાઈ કરતબો રજૂ કરશે.

આ કાર્યક્રમ બિહારના ભોજપુરમાં ૧૮૫૭ની ક્રાંતિના મહાન સ્વાતંત્ર્ય સેનાની બાબુ કુંવર સિંહને તેમના શૌર્ય દિવસ વિજયોત્સવ નિમિત્તે શ્રદ્ધાંજલિ આપવા માટે આયોજિત કરાયો છે.

# Ramban Update - Jitendra Singh

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ વિસ્તારમાં એક હજાર ૪૮૬ વીજળી ટ્રાન્સફોર્મર પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે ગઈકાલે જણાવ્યું હતું કે તમામ પાવર ટ્રાન્સફોર્મરમાં વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવી રહ્યો છે.

ડૉ. સિંહે જણાવ્યું હતું કે આવતીકાલ સુધીમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ આંશિક રીતે પુનઃ શરૂ થવાની શક્યતા છે. ૯૮ પાણી પુરવઠા યોજનાઓમાંથી ૮૯ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. વહીવટતંત્રની પ્રશંસા કરતા ડૉ. સિંહે કહ્યું કે અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિઓ હોવા છતાં, રાહત કામગીરી સારી રીતે ચાલી રહી છે.

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા આજે પૂરની સ્થિતિનું નિરીક્ષણ કરવા માટે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેઓ પીડિત પરિવારોને મળ્યા.